# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

એ-3,જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઇન્સ,સુરત

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id: *suratdeo@gmail.com* Web : *suratdeo.org*


ક્રમાંક: SSA/તાલીમ/૨૦૨૧/ ૭૨૬ તા. ૦૨/૦૬/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી/ઇ.આચાર્યશ્રી,
તમામ માધ્યમિક સરકારી, RMSA, તથા મોડલ શાળાઓ,
સુરત, જિ.સુરત

વિષય :- ધો. ૧ થી ૧૦ નાં વિદ્યાર્થીઓ માટે "બ્રિજકોર્સ-ક્લાસરેડીનેશન : જ્ઞાનસેતુ" કાર્યક્રમ બાબત.

સંદર્ભ :- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર સમગ્ર શિક્ષા, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : સમગ્રશિક્ષા/ક્યુસેલ/૨૦૨૧/૧૭૪૩૭-૧૭૫૪૦ તા.૦૧/૦૬/૨૦૨૧

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર દ્વારા નવા શિક્ષણિક સત્રમાં શરૂઆતનાં એક માસ દરમ્યાન આગલા ધોરણનાં લર્નિંગ આઉટકમનાં પુનરાવર્તન સ્વરૂપે ધોરણ-૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે "બ્રિજકોર્સ-ક્લાસરેડીનેશન : જ્ઞાનસેતુ" કાર્યક્રમ ચલાવવાનું નક્કી કરવામાં આવેલ છે. સદર કાર્યક્રમ સબંધિત મટિરિયલ્સ પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા તા.૭.૬.૨૦૨૧ સુધીમાં પહોચતું કરવામાં આવશે. તેમજ આ સાહિત્ય સમગ્ર શિક્ષાની વેબસાઈટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

ઉક્ત સાહિત્યનો કેવી રીતે ઉપયોગ કરવો તેમજ વિદ્યાર્થીઓને કઇ રીતે માર્ગદર્શન આપવું તે માટે ધોરણ – ૯ અને ૧૦ના તમામ શિક્ષકોએ <u>તા.૯ જુન, ૨૦૨૧ સવારે ૮ થી ૧૨ કલાક</u> દરમ્યાન ઓનલાઈન તાલીમનું આયોજન કરવામાં આવેલ છે.

સદર તાલીમમાં આપની શાળાના તમામ શિક્ષકો ફરજિયાત જોડાય તે માટે જરૂરી કાર્યવાહી આપની કક્ષાએથી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- ઉપર મુજબ

(એચ.એચ.રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

૨૭૪૩૭-૨૭૫૪૦

સત્યમેવ જયતે

પી. ભારતી, આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર &
કમિશનર, પ્રાથમિક શિક્ષણ

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

નં. સમગ્ર શિક્ષા/કયુઈસેલ/૨૦૨૧/
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેકટર-૧૭, ગાંધીનગર
તા. ૦૬.૦૬.૨૦૨૧
ફોન નંબરઃ (૦૭૯) ૨૯૬૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com

પ્રતિ

| | |
|---|---|
| પ્રાચાર્યશ્રી<br>જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,<br>જિ.તમામ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી<br>જિલ્લા. તમામ |
| જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટર અને<br>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,<br>જિલ્લા પ્રોજેકટ કચેરી, સમગ્ર શિક્ષા,<br>જિ. તમામ | એડી. જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટર અને<br>શાસનાધિકારીશ્રી,<br>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,<br>જિ. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા |

**વિષય : ધોરણ-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે "બ્રિજકોર્સ-કલાસરેડીનેશઃ જ્ઞાનસેતુ" કાર્યક્રમ બાબત.**
**સંદર્ભ : અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ એસએસએ/કયુ.ઈ.સેલ/૧/૨૦૨૧/૧૬૫૭૭-૬૭૩ તા.૨૪.૫.૨૦૨૧**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા.૭ જુન, ૨૦૨૧ થી નવું શૈક્ષણિક સત્ર ચાલુ થનાર છે. રાજય સરકાર ધ્વારા આ નવા શૈક્ષણિક સત્રમાં શરૂઆતના એક માસ દરમ્યાન આગલા ધોરણના લર્નિંગ આઉટકમના પુનરાવર્તન સ્વરૂપે ધોરણ-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે "બ્રિજકોર્સ-કલાસરેડીનેશઃ જ્ઞાનસેતુ" કાર્યક્રમ ચલાવવાનું નકકી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ સબંધિત તમામ માહિતી સંદર્ભદર્શિત પત્રમાં અગાઉ આપને જણાવવામાં આવેલ છે. આ જ્ઞાનસેતુ મટિરિયલ્સ આપને તા.૭.૬.૨૦૨૧ સુધીમાં પાઠય પુસ્તક મંડળ ધ્વારા તાલુકા કક્ષા સુધી પહોંચતું કરવામાં આવશે. આ સાહિત્ય આપની જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, કેજીબીવી, મોડલ સ્કુલ/મોડલ ડે સ્કુલ તેમજ આશ્રમ શાળાઓના વિદ્યાર્થીઓને તા.૧૦ જુન, ૨૦૨૧ સુધીમાં પહોંચાડવા વિનંતી. આ સાહિત્ય સમગ્ર શિક્ષાની વેબસાઈટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે. તા.૧૦ જુન, ૨૦૨૧ થી એક માસ સુધી "બ્રિજકોર્સ-રેડીનેશઃ જ્ઞાનસેતુ" કાર્યક્રમ દુરદર્શન કેન્દ્ર, ડીડી ગિરનાર ચેનલ મારફત પ્રસારિત કરવામાં આવશે. બાયસેગની વંદે ગુજરાત ચેનલ પરથી પણ પ્રસારીત કરવામાં આવશે. તેમજ સગમ્ર શિક્ષાની વેબસાઈટ તેમજ દિક્ષા પ્લેટફોર્મ પર પણ અપલોડ કરવામાં આવશે.

"બ્રિજકોર્સ-કલાસરેડીનેશઃ જ્ઞાનસેતુ" કાર્યક્રમ સબંધિત તૈયાર કરવામાં આવેલ ઉકત સાહિત્યનો કેવી રીતે ઉપયોગ કરવો તેમજ વિદ્યાર્થીઓને કઈ રીતે માર્ગદર્શન આપવું તે માટે શિક્ષકશ્રીઓ, સીઆરસી કો-ઓર્ડિનેટરશ્રી, બીઆરસી કો-ઓર્ડિનેટરશ્રી અને અન્ય સબંધિતો માટે આગામી તા.૭, ૮, ૯ જુન-૨૦૨૧ સવારે ૮ થી ૧૨ કલાક દરમ્યાન બાયસેગના માધ્યમથી તેમજ માઈક્રોસોફ્ટ ટીમ, યુ-ટયુબ લાઈવથી તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. તા.૭ જુન, ૨૦૨૧ ધોરણ-૧ થી ૫ ના શિક્ષકો માટે, તા.૮ જુન, ૨૦૨૧ ધોરણ-૬ થી ૮ ના શિક્ષકો માટે તેમજ તા.૯ જુન, ૨૦૨૧ ધોરણ-૯ અને ૧૦ ના શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમ કાર્યક્રમ દરમ્યાન માનનીય શિક્ષણમંત્રીશ્રી, માનનીય રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રી, માનનીય સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ તેમજ શિક્ષણ વિભાગના ખાતાના વડાઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

ઉકત વિગતો ધ્યાને લઈ તમામ સબંધિતોને ફરજિયાત આ તાલીમમાં જોડાવવા આપની કક્ષાએથી જાણ કરવા વિનંતી.

(પી. ભારતી)

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

– માન.સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– ચેરમેનશ્રી, ગુ. મા. અને ઉચ્ચત્તર મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
– નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– નિયામકશ્રી, નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર

D:\D\Home Learning 2021-22\Brijcource-Classredines Gyansetu.docx

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

પીભારતી(IAS)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
એસ.પી.ઓ.સમગ્ર શિક્ષા

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,ગાંધીનગર.
ફોન નં.૦૭૯-૨૩૨૪૩૧૩૩
e-mail : - spdssa@gmail.com
Toll Free No.1800-233-7965


ક્રમાંક: એસએસએ/ક્યુ.ઈ.સેલ/૧/૨૦૨૦/૧૯૫૭૭-૧૯૯૭૩ તા:૨૪/૦૫/૨૦૨૧

પ્રતિશ્રી,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જિલ્લા : તમામ

પ્રતિશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા : તમામ

પ્રતિશ્રી
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
અને જિ.પ્રો.કો.ઓ.શ્રી : તમામ
શાશનાધિકારીશ્રી : તમામ

વિષય : ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે "બ્રિજકોર્સ-ક્લાસરેડીનેશ: જ્ઞાનસેતુ" કાર્યક્રમ બાબત.
સંદર્ભ : માન. સચિવશ્રી(પ્રા. અને મા.)શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૧/૦૫/૨૦૨૧ ના રોજ નોંધ પર મળેલ મંજુરી અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગત વર્ષે કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓને "હોમ લર્નિંગ" અંતર્ગત અધ્યયન કાર્ય કરાવવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર શિક્ષા, જીસીઈઆરટી અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દુરદર્શન કેન્દ્ર ડી ડી ગિરનાર, બાયસેગની વંદે ગુજરાત ચેનલ, યુ-ટ્યુબ, વોટ્સઅપ, ગુજરાત વર્ચ્યુઅલ શાળા(GVS) તેમજ ઘરે શીખીએ સાહિત્ય વગેરે માધ્યમથી "હોમ લર્નિંગ" કાર્યક્રમ ચલાવવામાં આવેલ હતો.

આપ સૌ સુવિદિત છો કે તા:૦૭ જૂન ૨૦૨૧થી નવું શૈક્ષણિક સત્ર ચાલુ થનાર છે. રાજ્ય સરકાર દ્વારા આ નવા શૈક્ષણિક સત્રમાં શરૂઆતના એક માસ દરમિયાન આ જ્ઞાનસેતુ સાહિત્યનુ અધ્યયન કાર્ય કરાવવામાં આવનાર છે. જૂન ૨૦૨૧ થી વિદ્યાર્થીઓ જે ધોરણમાં પ્રવેશ મેળવેલ છે તે ધોરણનાં પૂર્વેના (પાછળના) ધોરણનો અભ્યાસક્રમ બ્રિજકોર્સ સ્વરૂપે તેમજ ચાલુ વર્ષના ધોરણના અભ્યાસક્રમને સમજવા સંબંધિત ધોરણના લર્નિંગ આઉટકમની સમજ/પુનરાવર્તન /મહાવરાનો સમાવેશ કરી "બ્રિજકોર્સ-ક્લાસરેડીનેશ: જ્ઞાનસેતુ" સાહિત્ય તૈયાર કરવામાં આવેલ છે.

"બ્રિજકોર્સ-ક્લાસરેડીનેશ: જ્ઞાનસેતું સાહિત્ય ધોરણ ૧ માટે શાળા તત્પરતા, ધોરણ ૨,૩ માટે વર્ગ તત્પરતા -ગુજરાતી,ગણિત, ધોરણ :૪ થી ૯ માટે ગુજરાતી, ગણિત અને અંગ્રેજી તેમજ ધોરણ ૧૦ માટે ગુજરાતી, ગણિત, અંગ્રેજી અને વિજ્ઞાન વિષયનો સમાવેશ કરેલ છે.

રાજ્યની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તેમજ કે.જી.બી.વી., મોડલ, મોડલ ડે, આશ્રમ શાળાઓના ધોરણ-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓને આ સાહિત્ય ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તા:૦૭ જૂન ૨૦૨૧ સુધીમાં પહોંચાડવામાં આવશે. આ સાહિત્યની સોફ્ટકોપી સમગ્ર શિક્ષા કચેરીની વેબસાઈટ પર પણ મુકવામાં આવનાર છે.

તા:૦૭ થી ૦૯ જૂન ૨૦૨૧ દરમિયાન ધોરણ-૧ થી ૧૦ શિક્ષકો માટે "બ્રિજકોર્સ-કલાસરેડીનેશ:જ્ઞાનસેતુ" અંગેની તાલીમનું આયોજન બાયસેગ અને એમ.એસ. ટીમ્સ મારફત જીસીઈઆરટી અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સહયોગથી કરવામાં આવશે.

તા:૧૦ જૂન ૨૦૨૧થી સમગ્ર રાજ્યમાં ધોરણ-૧ થી ૧૦ના વિદ્યાર્થીઓને એક માસ માટે આ "બ્રિજકોર્સ કલાસરેડીનેશ : જ્ઞાનસેતુ"મટીરીયલનો ઉપયોગ કરી અધ્યયન કાર્ય કરાવવામાં આવશે. ધોરણ -૧ થી ૧૦ વિદ્યાર્થીઓએ આ મટીરીયલના અધ્યયનકાર્યમાં ગત વર્ષના પાઠ્યપુસ્તકોનો પણ ઉપયોગ કરવાનો રહેશે. ધોરણ-૧ થી ૫ના વિદ્યાર્થીઓએ આ મટીરીયલમાં લેખન કાર્ય કરવાનું રહેશે. તેમજ ધોરણ-૬ થી ૧૦ના વિદ્યાર્થીઓએ એક અલગ નોટબુક બનાવવાની રહેશે.

વિદ્યાર્થી દ્વારા લેખન કાર્ય કરેલ "બ્રિજકોર્સ કલાસરેડીનેશ: જ્ઞાનસેતુ" સાહિત્યની શિક્ષક મિત્રો દ્વારા કાર્યક્રમ પૂર્ણ થયેથી ચકાસણી કરવામાં આવશે. જેથી શિક્ષકમિત્રોને વિદ્યાર્થીઓના લર્નિંગ લેવલ તેમજ તેઓએ અભ્યાસ કરેલ બાબતો જાણી શકે અને તે માટે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપી શકે.

ધોરણ ૧ માં જુન ૨૦૨૧થી પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે "શાળા તત્પરતા" સાહિત્ય તૈયાર કરવામાં આવેલ છે. ધોરણ ૧ ના બાળકોને વાલી/ મોટા ભાઈ બહેન/ શિક્ષકની મદદથી આ અધ્યયન કાર્યમાં જોડવા અંગે પ્રયાસ કરવા વિનંતી છે.

તા. ૧૦ જુન ૨૦૨૧થી "બ્રીજકોર્સ- કલાસરેડીનેસ : જ્ઞાનસેતુ" કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓને દુરદર્શન કેન્દ્ર – ડી ડી ગિરનાર ચેનલ મારફત શિક્ષકમિત્રો દ્વારા અધ્યયનકાર્યનું માર્ગદર્શન આપવામાં આવનાર છે, સાથે સાથે બાયસેગની વંદે ગુજરાત ચેનલ દ્વારા પણ આ એપિસોડનું પ્રસારણ કરવામાં આવશે, આમ વિદ્યાર્થીઓ ડી ડી ગિરનાર અને વંદે ગુજરાત ચેનલ દ્વારા શૈક્ષણિક પ્રસારણ નિહાળી શકાશે.

આ જ્ઞાનસેતુ સાહિત્યનું દીક્ષા પ્લેટફોર્મ અને સમગ્ર શિક્ષા,ગાંધીનગરની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે અને આ અંગેની લીંક ગતવર્ષે વોટસએપના માધ્યમથી જે રીતે વિદ્યાર્થીઓ સુધી પહોચાડવામાં આવતી હતી તે રીતે વોટ્સએપ ગ્રુપમાં નિયમિત મોકલવામાં આવશે.

ઉપરોક્ત બાબત ધ્યાને લઇ પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળાના તમામ શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને સદર બાબતની જાણકારી આપવા વિનંતી છે.

| | | | | |
|---|---|---|---|---|
| નિયામક | નિયામક | નિયામક | અધ્યક્ષ | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર |
| જીસીઈઆરટી | પ્રાથમિક શિક્ષણ | શાળાઓની કચેરી | ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડ | સમગ્ર શિક્ષા, ગાંધીનગર |

<u>નકલ સવિનય રવાના (જાણ સારુ )</u>

- માન. સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ)શિક્ષણ વિભાગ, ગાંધીનગર